# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૭૫ /૨૦૧૮,**

**તા. ૧૮/૦૯/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૨૧/૯/૨૦૧૮ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન અને ટ્રાફિક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુકમ :**

આગામી તા.૨૧/૯/૨૦૧૮ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી તાજીયા નિકળશે અને નજીકના વિસ્તારોમાં ફરી છેવટે વિસર્જન અર્થે ભેગા થશે. આ દિવસે બપોર કલાક ૧૪.૦૦ થી કલાક ૨૪.૦૦ સુધી નીચે મુજબના જાહેર માર્ગો ઉપર અવર-જવરના સરળ ટ્રાફિક નિયમન માટે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૧) દિલ્હી ચકલાથી મિરઝાપુર તરફ તથા ઘી કાંટા તરફનો માર્ગ.(મિરઝાપુર રોડ તેમજ ઘી કાંટા રોડ)
૨) રેવડી બજારથી રિલિફ રોડ તરફ વિજળીઘર સુધીનો માર્ગ
૩) જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ
૪) રાયખડથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ
૫) સારંગપુર સર્કલથી આસ્ટોડીયા દરવાજા અને ખમાસા સુધીનો માર્ગ
૬) નહેરુબ્રિજ તરફથી રૂપાલી સિનેમા તરફનો માર્ગ
૭) કામા હોટલ સર્કલ થી ખાનપુર દરવાજા સુધીનો માર્ગ
૮) રખિયાલ ચાર રસ્તાથી સારંગપુર સર્કલ સુધીનો માર્ગ
૯) વિક્ટોરીયા ગાર્ડન ચાર રસ્તાથી ઇટાલીયન બેકરી સુધીનો માર્ગ
૧૦) ખારુનાળાથી ખાસબજાર તરફનો માર્ગ
૧૧) રાયખડ ચાર રસ્તાથી મધર ટેરેસા ચોક સુધીનો માર્ગ
૧૨) જસવંત શોપ ફેક્ટરી તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ
૧૩) જલારામ મંદિરના ખાંચા તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ
૧૪) મ્યુનિસિપલ કોઠાથી દાણાપીઠ ચાર રસ્તા સુધીનો માર્ગ
૧૫) ખમાસા ચોકી તરફથી પારસી અગીયારી તરફનો માર્ગ
૧૬) જીલ્લા પંચાયત તરફથી ભદ્ર તરફનો માર્ગ
૧૭) વિજળીઘર ચાર રસ્તા તરફથી ભદ્ર તરફનો માર્ગ
૧૮) રિલિફ ચાર રસ્તા તરફથી ખાસ બજાર તરફનો માર્ગ
૧૯) પાનકોર નાંકાથી ભદ્ર મંદિર તરફનો માર્ગ
૨૦) સાબરમતિ નદીના પૂર્વ છેડે નહેરુબ્રીજ તથા એલીસબ્રીજની નીચે તાજીયા ઠંડા થવા માટે આવનાર હોય અને આ તહેવારમાં મોટી સંખ્યામાં લોકોની જનમેદની એકઠી થતી હોય જેથી નીચે જણાવેલ **(એ)** અને **(બી)** મુજબનો રિવરફ્રન્ટનો માર્ગ **"નો-વ્હીકલ ઝોન"** રહેશે.
**(એ)** પીકનીક હાઉસ રિવરફ્રન્ટ રોડ ટી થી સરદાર બ્રીજ તરફ જતો માર્ગ
**(બી)** સરદારબ્રીજ નીચેથી શાહીબાગ પીકનીક હાઉસ તરફ આવતો માર્ગ

**વૈકલ્પિક માર્ગ :**

૧) ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર તરફથી આવતા વાહનો આશ્રમ રોડ થઇ પાલડી ચાર રસ્તાથી જમાલપુર ઓવરબ્રિજ થઇ એસ.ટી. તથા ભુલાભાઇ ચાર રસ્તા થઇ કાંકરીયા થઇ ખોખરા ઓવરબ્રિજ થઇ અવર-જવર કરી શકાશે.